" સાચ્ચા સ્નેહી બની એક બાપ દ્વારા સર્વ સંબંધો નો સાકાર માં અનુભવ કરો "

આજે વિશ્વ સ્નેહી બાપદાદા પોતાનાં અતિ સ્નેહી અને સદા બાપનાં સાથી તથા સહયોગી આત્માઓને જોઈ રહ્યાં છે. ચારેય તરફનાં સર્વ બ્રાહ્મણ આત્માઓ સ્નેહી અવશ્ય છે. સ્નેહે બ્રાહ્મણ જીવનમાં પરિવર્તન કર્યા છે. તો પણ સ્નેહી ત્રણ પ્રકારનાં છે-એક છે સ્નેહ કરવા વાળા, બીજા છે સ્નેહ નિભાવવા વાળા અને ત્રીજા છે સ્નેહ માં સમાયેલા. સમાવવું અર્થાત્ સમાન બનવું. સ્નેહ કરવા વાળા ક્યારેક સ્નેહ કરે છે પરંતુ કરતા-કરતા ક્યારેક સ્નેહ તૂટી જાય છે, ક્યારેક જોડાઈ જાય છે તેથી સમય પ્રતિ સમય સ્નેહ જોડવામાં પુરુષાર્થ કરવો પડે છે કારણ કે બાપની સાથે-સાથે બીજે ક્યાંય પણ સ્નેહ, ભલે વ્યક્તિ થી, કે પ્રકૃતિ નાં સાધનો થી, ક્યાંય પણ સંકલ્પ માત્ર પણ સ્નેહ જોડાયેલો છે તો બાપ સાથે સ્નેહ કરવા વાળા ની યાદી માં આવી જાય છે. સ્નેહની નિશાની છે વગર કોઈ મહેનતનાં સ્નેહી તરફ સ્નેહ સ્વત: જ જાય છે. સ્નેહ કરવા વાળા આત્મા ને દરેક સમયે, દરેક સ્થિતિ, દરેક પરિસ્થિતિ માં આધાર અનુભવ થાય છે. જો સાધનો થી સ્નેહ છે તો એ સમયે બાપ થી પણ વધારે સાધન નો આધાર અર્થાત્ સહારો અનુભવ થાય છે. એ સમયે એ આત્માનાં સંકલ્પમાં બાપ નો સ્નેહ યાદ પણ આવે છે, વિચારે પણ છે કે બાપનો સ્નેહ શ્રેષ્ઠ છે પરંતુ આ સાધન તથા વ્યક્તિનો આધાર પણ આવશ્યક છે તેથી બંને તરફ સ્નેહ અધૂરો થઈ જાય છે અને વારંવાર સ્નેહ જોડવો પડે છે. એક બળ, એક ભરોસા ની બદલે બીજો પણ ભરોસો સાથે-સાથે આવશ્યક લાગે છે એટલે બાપ નાં સ્નેહ દ્વારા જે સર્વ પ્રાપ્તિ નો અનુભવ થાય એની બદલે બીજા સહારા દ્વારા અલ્પકાળ ની પ્રાપ્તિ પોતાની તરફ આકર્ષિત કરી લે છે. એટલી આકર્ષિત કરે છે જે એને જ આવશ્યક સમજવા લાગે છે. લગાવ નથી સમજતાં, પરંતુ સહારો સમજે છે. આને કહેવાય છે સ્નેહ કરવા વાળા.

બીજા છે સ્નેહ નિભાવવા વાળા. સ્નેહ કરવાની સાથે-સાથે નિભાવવા ની પણ શક્તિ છે. નિભાવવું અર્થાત્ સ્નેહનો રિસ્પોન્સ (ઉત્તર) આપવો, રિટર્ન આપવું. સ્નેહનું રિટર્ન છે જે સ્નેહી બાપ, બાળકો પાસે થી શ્રેષ્ઠ આશાઓ રાખે છે તે સર્વ આશાઓ પ્રેક્ટિકલ (હકીકત) માં પૂર્ણ કરવી. તો નિભાવવા વાળા ખાસ કરીને પ્રેક્ટિકલ માં કરીને દેખાડે છે, પરંતુ સદા બાપ સમાન અર્થાત્ સમાયેલા છે તે અનુભૂતિ ક્યારેક થાય છે, ક્યારેક નથી થતી. તો પણ નિભાવવા વાળા સમીપ છે, પરંતુ સમાન નથી. નિભાવવા વાળાને નિભાવવા નાં રિટર્ન માં પદમગણી હિંમત અને ઉમંગ-ઉત્સાહ ની મદદ વિશેષ બાપ દ્વારા મળતી રહે છે. ત્રીજા, જે સ્નેહ માં સમાયેલા છે એ આત્માઓનાં નયનો માં, મુખ માં, સંકલ્પ માં, દરેક કર્મ માં સહજ અને સ્વતઃ સ્નેહી બાપનો સાથ સદાય અનુભવ થાય છે. બાપ એમનાં થી જુદા નથી અને તેઓ બાપથી જુદા નથી. દરેક સમયે બાપ નાં સ્નેહનાં રિટર્નમાં પ્રાપ્ત થયેલી સર્વ પ્રાપ્તિઓ માં સંપન્ન અને સંતુષ્ટ રહે છે તેથી બીજો કોઈ પણ પ્રકાર નો સહારો એમને આકર્ષિત નથી કરી શકતો કારણ કે કાંઈ ને કાંઈ અલ્પકાળની પ્રાપ્તિ ની આવશ્યક્તા કોઈ બીજા ને સહારો બનાવે છે અર્થાત્ સંપૂર્ણ સ્નેહમાં અંતર નાખે છે. સ્નેહમાં સમાયેલા આત્માઓ સદા સર્વ પ્રાપ્તિ સંપન્ન હોવાનાં કારણે સહજ જ 'એક બાપ બીજું ન કોઈ' આ અનુભૂતિમાં રહે છે. તો સ્નેહી બધાં છે પરંતુ ત્રણ પ્રકારનાં છે. હવે પોતાને પૂછો કે હું કોણ? પોતાને તો જાણી શકો છો ને. સ્નેહી છો ત્યારે સ્નેહ નાં કારણે બ્રાહ્મણ જીવનમાં ચાલી રહ્યાં છો. પરંતુ સ્નેહ ની સાથે નિભાવવાની શક્તિ, એમાં નંબરવાર બની જાય છે. સ્નેહ ની સાથે શક્તિ પણ આવશ્યક છે. જેમનામાં સ્નેહ અને શક્તિ બંનેનું બેલેન્સ (સંતુલન) છે, એ જ બાપ સમાન બને છે. એવાં સમાયેલા આત્માઓ નો અનુભવ આ જ હશે-બાપ નાં સ્નેહ થી દૂર થવું, આ મુશ્કેલ છે. સમાવું સહજ છે, દૂર થવું મુશ્કેલ છે કારણ કે સમાયેલા આત્માઓ માટે એક બાપ જ સંસાર છે.

સંસારમાં આકર્ષિત કરવા વાળી બે જ વાતો છે-એક વ્યક્તિનો સંબંધ અને બીજું ભિન્ન-ભિન્ન વૈભવો અથવા સાધનો દ્વારા પ્રાપ્તિ થવી. તો સમાયેલા આત્મા માટે સર્વ સંબધ નાં રસ નો અનુભવ એક બાપ દ્વારા સદા જ થાય છે. સર્વ પ્રાપ્તિઓ નો આધાર એક બાપ છે, નહીં કે વૈભવ તથા સાધન. વૈભવ તથા સાધન રચના છે અને બાપ રચતા છે. જેનો આધાર રચતા છે એમને રચના દ્વારા અલ્પકાળની પ્રાપ્તિ નો સ્વપ્ન માત્ર પણ સંકલ્પ નથી આવી શકતો. બાપદાદા ને ક્યારેક-ક્યારેક બાળકોની સ્થિતિ જોઈ હસવું આવે છે કારણ કે આશ્ચર્ય તો કહી

નથી શકતાં, ફુલ સ્ટોપ છે. ચાલતાં-ચાલતાં બીજ ને છોડી ડાળીઓમાં આકર્ષિત થઈ જાય છે. કોઈ આત્માને આધાર બનાવી લે છે, કોઈ સાધનો ને આધાર બનાવી લે છે કારણ કે બીજ નું રુપ-રંગ શોભનિક નથી હોતું અને ડાળીઓનાં રુપ-રંગ બહુ જ શોભનિક હોય છે. દેહધારી નાં સંબંધનો આધાર દેહ ભાન માં સહજ અનુભવ થાય છે અને બાપનો આધાર દેહ ભાન થી પરે થવાથી અનુભવ થાય છે. દેહભાન માં આવવાની આદત તો છે જ. ન ઈચ્છવા છતાં પણ થઈ શકે છે તેથી દેહધારી નાં સંબંધનો આધાર અથવા સહારો સહજ અનુભવ થાય છે. સમજે પણ છે કે આ ઠીક નથી તો પણ સહારો બનાવી લે છે. બાપદાદા જોઈ-જોઈ હસતા રહે છે. એ સમયની સ્થિતિ હસવા વાળી હોય છે. જેવી રીતે તમે લોકો ક્લાસિસ માં તથા ભાષણો માં એક પોપટ ની વાર્તા સંભળાવો છો - એને મનાઈ કરી કે નળ પર નહીં બેસ પરંતુ તે નળ પર બેસીને બોલી રહ્યો હતો. એવાં બાળકો પણ એ સમયે મનમાં પોતે એક તરફ આ જ વિચારતા રહે છે કે 'એક બાપ, બીજું ન કોઈ', વારંવાર પોતે રીપીટ પણ કરતા રહે છે પરંતુ સાથે-સાથે પછી આ પણ વિચારે છે કે સ્થૂળમાં તો સહારો જોઈએ. તો એ સમયે હસવું આવશે ને અને એ સમયે પછી માયા ચાન્સ (તક) લે છે. બુદ્ધિને એવી પરિવર્તન કરશે જે ખોટો સહારો જ સાચ્ચો સહારો અનુભવ થશે. જેવી રીતે આજકાલ ખોટું, સાચ્ચા કરતાં પણ સારું લાગે છે, એવી રીતે એ સમયે ખોટું, સાચ્ચુ અનુભવ થાય છે. અને તે ખોટી વાત, ખોટો સહારો એને પાક્કો કરવા માટે અથવા ખોટાં ને સાચ્ચુ સાબિત કરવા માટે, જેમ કોઈ પણ કમજોર સ્થાન હોય છે તો એને મજબૂત કરવા માટે પિલ્લર્સ (પાયો) લગાવાય છે તો માયા પણ કમજોર સંકલ્પ ને મજબૂત બનાવવા માટે બહુજ રોયલ પિલ્લર્સ લગાવે છે. શું (કેવાં) પિલ્લર લગાવે છે? માયા આ જ સંકલ્પ આપે છે કે એવું તો થાય જ છે, ઘણાં મોટાં-મોટાં પણ એવું જ કરે છે, એમ જ ચાલે છે, અથવા કહે છે હમણાં તો પુરુષાર્થી જ છીએ, સંપૂર્ણ તો થયા નથી, તો જરુર હમણાં કોઈ ને કોઈ કમી રહેશે જ, આગળ ચાલી (જતાં) સંપૂર્ણ બની જઈશું - એવાં-એવાં વ્યર્થ સંકલ્પ રુપી પિલ્લર્સ કમજોરી ને મજબૂત કરી દે છે. તો એવાં પિલ્લર નો આધાર નહીં લેતાં. સમય આવવા પર આ આર્ટિફિશિયલ (કૃત્રિમ) પિલ્લર દગો આપી દે છે. સર્વ સંબંધોનો સહારો એક બાપ સદા રહે, આ અનુભવ ઓછો કરો છો. આ સર્વ સંબંધો નાં અનુભવને વધારો. સર્વ સંબંધોની અનુભૂતિ ઓછી હોવાનાં કારણે ક્યાંક ને ક્યાંક અલ્પકાળ નો સંબંધ જોડાઈ જાય છે. સ્થૂળ જીવનમાં પણ સ્થૂળ રુપનો સહારો અથવા દરેક પરિસ્થિતિ માં સ્થૂળ રુપ નો સહયોગ આપવા વાળો સહારો બાપ છે. આ અનુભવ હજું વધારો. એવું નહીં કે બાપ તો છે જ સૂક્ષ્મ માં સહયોગ આપવા વાળા. નિરાકાર છે, આકાર છે, સાકાર તો છે નહીં, પરંતુ દરેક સંબંધ ને સાકાર રુપમાં અનુભવ કરી શકો છો. સાકાર સ્વરુપમાં સાથ નો અનુભવ કરી શકો છો. આ અનુભૂતિ ને ઊંડાણ પૂર્વક સમજો અને સ્વયં ને એમાં મજબૂત કરો. તો વ્યક્તિ, વૈભવ તથા સાધન પોતાના તરફ આકર્ષિત નહીં કરે. સાધનોને નિમિત્ત માત્ર કાર્યમાં લાવવા તથા સાક્ષી થઈ સેવા પ્રતિ કાર્યમાં લગાવવા - એવી અનુભૂતિ ને વધારો. સહારો નહીં બનાવો, નિમિત્ત માત્ર હોય. આને કહેવાય છે સ્નેહ માં સમાયેલા સમાન આત્મા. તો પોતે વિચારજો કે હું કોણ? સમજ્યાં? અચ્છા!

સદા સ્નેહમાં સમાયેલા સમાન આત્માઓ ને, સદા એક બાપ સાથે સર્વ સંબંધનો અનુભવ કરવા વાળા આત્માઓ ને, સદા એક બાપ ને આધારમૂર્ત, સાચ્ચો સહારો અનુભવ કરવા વાળા આત્માઓ ને, સદા સર્વ પ્રાપ્તિ રચતા બાપ દ્વારા અનુભવ કરવા વાળા આત્માઓ ને, સદા સહજ સ્વતઃ 'એક બળ, એક ભરોસો', અનુભવ કરવા વાળા સાચ્ચા સ્નેહી આત્માઓ ને બાપદાદા નાં યાદ-પ્યાર અને નમસ્તે.

દાદીઓ સાથે મુલાકાત :- સદા સમાયેલા છો કે યાદ કરવાની મહેનત કરવી પડે છે? સિવાય એક બાપ નાં બીજુ કોઈ દેખાતું નથી. જ્યારે કથાઓ સાંભળો છો તો હસવું આવે છે ને. કથા જ્યાં સુધી ચાલે છે ત્યાં સુધી સમજમાં નથી આવતું અને જ્યારે કથા સમાપ્ત થઈ જાય છે તો વિચારે છે કે આ શું થયું? હું હતી કે બીજું કોઈ હતું એવું પણ વિચારે છે કારણ કે એ સમયે પરવશ હોય છે ને. તો પરવશ ને પોતાનો હોશ નથી હોતો. જ્યારે પોતાનો હોશ આવે છે તો પછી આગળ વધવાનો જોશ પણ આવે છે. અચ્છા, સંગઠન વધતું જઈ રહ્યું છે અને વધતું જ રહેશે. અને આપ નિમિત્ત આત્માઓ આ બધો ખેલ જોઈ હર્ષિત થતા રહો છો. બધાં ચાલી રહ્યાં છે, કોઈ ચાલી રહ્યું છે, કોઈ ઉડી રહ્યું છે અને તમે લોકો શું કરો છો? ઉડતાં-ઉડતાં સાથે બીજાઓને પણ ઉડાવી રહ્યાં છો કારણ કે રહેમદિલ બાપ નાં રહેમદિલ આત્માઓ બની ગયાં, તો રહેમ આવે છે ને. ઘૃણા નથી આવતી પરંતુ રહેમ આવે છે. અને આ રહેમ જ દિલ નાં પ્રેમ નું કામ કરે છે. અચ્છા, જે પણ ચાલી રહ્યું છે સારા માં સારું ચાલી રહ્યું છે. અથક બની સેવા કરી રહ્યાં છો ને. નિમિત્ત આત્માઓ નું અથકપણું જોઈ બધામાં ઉમંગ આવે છે ને.

અવ્યક્ત બાપદાદા ની પર્સનલ મુલાકાત

સાધારણતા b ને સમાપ્ત કરી વિશેષતા નાં સંસ્કાર નેચરલ ( સહજ ) અને નેચર ( સ્વભાવ ) બનાવો

પોતાને સદા સંગમયુગ નાં રુહાની મોજ માં રહેવા વાળા અનુભવ કરો છો? મોજ માં રહો છો કે ક્યારેક મોજ માં, ક્યારેક મુઝાંવ પણ છો કે સદા મોજ માં રહો છો? શું હાલ-ચાલ છે? ક્યારેક કોઈ એવી પરિસ્થિતિ આવી જાય અથવા એવી કોઈ પરીક્ષા આવી જાય તો મૂંઝાવ છો? (થોડાં સમય માટે) અને એ થોડા સમયમાં જો તમારો કાળ આવી જાય તો પછી શું થશે? અકાળે મૃત્યુ નો તો સમય છે ને. તો થોડો સમય પણ જો મોજ નાં બદલે મૂંઝાવ છો અને એ સમયે અંતિમ ઘડી આવી જાય તો અંત મતિ સો ગતિ શું થશે? એટલે સાંભળતા રહો છો ને કે સદા એવરરેડી (હંમેશા તૈયાર)! એવરરેડી નો મતલબ શું છે? શું દરેક ઘડી એવાં એવરરેડી છો? કોઈ પણ સમસ્યા સંપૂર્ણ બનવામાં વિઘ્ન રુપ નહીં બને. અંત સારો તો ભવિષ્ય આદિ પણ સારો થાય છે. તો એવરરેડી નો પાઠ એટલે ભણાવાઈ રહ્યો છે. એવું નહીં વિચારો કે થોડો સમય થાય છે પરંતુ થોડો સમય પણ, એક સેકન્ડ પણ દગો આપી શકે છે. તેવું વિચારે છે વધારે સમય નથી ચાલતું, આવું બે-ચાર મિનિટ ચાલે છે પરંતુ એક સેકન્ડ પણ દગો આપવા વાળી હોય શકે છે તો મિનિટની તો વાત જ નહીં વિચારો કારણ કે સૌથી વેલ્યુએબલ આત્માઓ છો, અમૂલ્ય છો. અમૂલ્ય આત્માઓનું કોઈ દુનિયા વાળા સાથે મૂલ્ય ન કરી શકાય. દુનિયા વાળા તો તમને બધાંને સાધારણ સમજશે. પરંતુ તમે સાધારણ નથી, વિશેષ આત્માઓ છો. વિશેષ આત્માઓ નો અર્થ જ છે જે પણ કર્મ કરે, જે પણ સંકલ્પ કરે, જે પણ બોલ બોલે તે દરેક બોલ અને દરેક સંકલ્પ વિશેષ છે, સાધારણ ન હોય. સમય પણ સાધારણ રીતે ન જાય. દરેક સેકન્ડ અને દરેક સંકલ્પ વિશેષ હોય. આને કહેવાય છે વિશેષ આત્મા. તો વિશેષ કરતા-કરતા સાધારણ નહીં થઈ જાય એ ચેક કરો. ઘણાં એવું વિચારે છે કે કોઈ ભૂલ નથી કરી, કોઈ પાપ કરવાનું નથી કર્યું, કોઈ વાણી થી પણ એવાં ઉલ્ટા-સુલ્ટા શબ્દ નથી બોલ્યાં, પરંતુ ભવિષ્ય અને વર્તમાન શ્રેષ્ઠ બનાવ્યું? ખરાબ નથી કર્યું પરંતુ સારું કર્યું? ફક્ત એ નહીં ચેક કરો કે ખરાબ નથી કર્યું, પરંતુ ખરાબ ની જગ્યા પર સારા માં સારું કર્યું કે સાધારણ થઈ ગયું? તો એવી સાધારણતા ન હોય, શ્રેષ્ઠતા હોય. નુકસાન નથી થયું, પરંતુ જમા થયું? કારણ કે જમા નો સમય તો હમણાં છે ને. હમણાં નું જમા કરેલું ભવિષ્ય અનેક જન્મ ખાતા રહેશો. તો જેટલું જમા થશે એટલું જ ખાશો ને. જો ઓછું જમા કર્યું તો ઓછું ખાવું પડશે અર્થાત્ પ્રાલબ્ધ ઓછું હશે. પરંતુ લક્ષ છે શ્રેષ્ઠ પ્રાલબ્ધ મેળવવાનું કે સાધારણ પણ થઈ જાય, તો કોઈ વાંધો નથી? સ્વર્ગમાં તો આવી જ જશો, દુ:ખ તો થશે નહીં, સાધારણ પણ બન્યાં તો શું વાંધો....? વાંધો છે કે ચાલશે? તો ચેક કરો કે દરેક સેકન્ડ, દરેક સંકલ્પ વિશેષ હોય. જેવી રીતે અડધાકલ્પ નાં દેહભાન નો અભ્યાસ નેચરલી (કુદરતી) ન ઈચ્છવા છતાં પણ ચાલતો રહે છે ને. દેહ-અભિમાન માં આવવું નેચરલ થઈ ગયું છે ને. એવી રીતે દેહી અભિમાની અવસ્થા નેચરલ અને નેચર થઈ જાય. તો જે નેચર હોય છે તે સ્વત: જ પોતાનું કામ કરે છે, વિચારવું નથી પડતું, બનાવવું નથી પડતું, કરવું નથી પડતું પરંતુ સ્વત: જ થઈ જાય છે. તો આમ વિશેષતા નાં સંસ્કાર નેચર બની જાય અને દરેક નાં દિલ થી નીકળે. એવું નહીં કે મારો નેચર આ છે, મારો નેચર આ નથી, દરેક નાં મુખ થી, મન થી આ જ નીકળે કે મારો નેચર છે જ વિશેષ આત્મા ની વિશેષતા નો. તો એવું છે કે મહેનત કરવી પડે છે? જે નેચર હોય છે એમાં મહેનત નથી થતી. કોઈનો નેચર રમણીક છે તો સ્વત:જ રમણીકતા ચાલતી રહે છે ને. એને ખબર પણ નહીં પડે કે મેં શું કર્યું? કોઈ કહેશે તો પણ કહેશે કે હું શું કરું, મારો નેચર છે. તો વિશેષતા નો પણ એવો નેચર થઈ જાય. કોઈ પૂછે તમારો નેચર શું છે? તો બધાનાં દિલથી નીકળે કે અમારો નેચર છે જ વિશેષતા નો. સાધારણ કર્મની સમાપ્તિ થઈ ગઈ કારણ કે મરજીવા થઈ ગયાં ને. તો સાધારણતા થી મરી ગયાં, વિશેષતા માં જીવી રહ્યાં છો એટલે નવો જન્મ થઈ ગયો. તો સાધારણતા પાસ્ટ (પહેલાં નાં) જન્મનો નેચર છે, હમણાં નો નથી કારણ કે નવો જન્મ લઈ લીધો. તો નવાં જન્મ નો નેચર વિશેષતા છે, એવો અનુભવ થાય. તો હવે શું કરશો? સાધારણતા ની સમાપ્તિ. સંકલ્પ માં પણ સાધારણતા નહીં.

માતાઓ મોજમાં રહો છો? કેટલું પણ કોઈ મૂંઝાવવાની કોશિશ કરે પરંતુ તમે મોજમાં રહો. મૂંઝાવવા વાળા મૂંઝાઈ જાય પરંતુ તમે ન મૂંઝાવ કારણ કે અજ્ઞાનીઓનું કામ છે મૂંઝાવવાઅને જ્ઞાનીઓનું કામ છે મોજ માં રહેવું. તો તેઓ પોતાનું કામ કરે અને તમે તમારું કામ કરો. સદા મોજ નો અનુભવ કરો ત્યારે તો ફલકથી કહી શકશો. હશો ત્યારે જ તો કહી શકશો ને? જે હશે નહીં તો કહી પણ નહીં શકે. ચેલેન્જ (લલકાર) કરી શકો છો અમે મૂંઝાવવા વાળા નથી કારણ કે વિશેષ આત્માઓ છીએ. શું યાદ રાખશો? મોજમાં રહેવા વાળા વિશેષ આત્મા

છીએ. એવી હિંમત વાળા છો ને. હિંમત વાળા ને મદદ સ્વત:જ મળે છે. અચ્છા.

વરદાન :- સહજ વિધિ દ્વારા વિધાતા ને પોતાનાં બનાવવા વાળા સર્વ ભાગ્ય નાં ખજાનાઓ થી ભરપૂર ભવ
ભાગ્ય વિધાતા ને પોતાનાં બનાવવાની વિધિ છે-બાપ અને દાદા બંને ની સાથે સંબંધ. ઘણાં બાળકો કહે છે અમારું તો ડાયરેક્ટ નિરાકાર સાથે કનેક્શન (સંબંધ) છે, સાકારે પણ તો નિરાકાર પાસે થી મેળવ્યું અમે પણ એમની પાસે થી બધુંજ મેળવી લઈશું. પરંતુ આ ખંડિત ચાવી છે, સિવાય બ્રહ્માકુમાર કુમારી બન્યા નાં ભાગ્ય બની નથી શકતું. સાકાર વગર સર્વભાગ્ય નાં ભંડારા નાં માલિક બની નથી શકતાં કારણ કે ભાગ્ય વિધાતા ભાગ્ય વહેંચે જ છે બ્રહ્મા દ્વારા. તો વિધિ ને જાણીને સર્વભાગ્ય નાં ખજાનોથી ભરપૂર બનો.

સ્લોગન :- સ્વયં થી, સેવા થી, સર્વ થી સંતુષ્ટતા નું સર્ટિફિકેટ (પ્રમાણપત્ર) લો ત્યારે સિધ્ધિ સ્વરુપ બનશો.